# મૌલિક સંશોધન અંગેનુ

# આવેદન

A Thesis for the Ph.D. Degree in Gujarati

entitled - 'Sagar' as Poet, Philosopher and Prose-writer

submitted by Anilkumar Y. Triphathi

(કવિ, તત્વચિંતક અને ગદ્યલેખક તરીકે સાગર

- અનિલકુમાર યો. ત્રિપાઠી )

STATEMENT -આવેદન

નરસિંહ, મીરાંથી પ્રારંભાયેલો ભક્તિકવિતાનો જૂનો પ્રવાહ તેમજ અર્વાચીન યુગમાં ગઝલના પરદેશી રોપાને ગુજરાતમાં દૃઢ કરનાર મસ્ત રંગની કવિતાનો પ્રવાહ - ઉભય પ્રવાહો સાથે પોતાનું અનુસંધાન ટકાવી રાખનાર મસ્તરંગના સૂફી વેદાન્તી સંત કવિ સાગરનું કવિતાક્ષેત્રે મહત્વનું પ્રદાન છે.

ગુજરાતમાં તત્વચિંતનના બે વિભિન્ન પ્રવાહો સૂફીવાદ અને અદ્વૈત વેદાન્ત - અજાતવાદની પરંપરામાં પણ આત્માનુભવથી સંત સાગરનું તાત્વિકદર્શન નવી જ ભાત પાડે છે.

અર્વાચીન ચિન્તનાત્મક ગદ્યકારોમાં ગદ્યલેખક તરીકે સાગરનું મહત્વનું સ્થાન નિર્ણિત કરતી સાગરની પત્રરેખા" પણ નોંધપાત્ર કૃતિ છે.

કવિતા, તત્વચિંતન અને ગદ્યસાહિત્યનાં ત્રણ વિભિન્ન ક્ષેત્રોમાં મહત્વનું પ્રદાન અર્પનાર સાગર વિષે આ પહેલાં પણ અભ્યાસ થયો છે.

અર્વાચીન કવિતામાં કવિશ્રી સુન્દરમે સાગરની કવિતાની તેમજ ગતશતકનું સાહિત્યમાં વિવેચક શ્રી. વિજયરામ વૈદ્યે ગદ્યકાર તરીકે સાગરની સમીક્ષા સાગરની પત્રરેખાને આધારે કરી છે.

ડો. યોગીન્દ્ર જ. ત્રિપાઠીએ 'Kevalādvaita in Gujarātī Poetry' માં તેમજ ડો. કેશવલાલ મં. ઠક્કરે 'Mysticism in Gujarāt' માં

તત્વચિંતક તરીકે 'સાગર'નો પરિચય કરાવ્યો છે.

કવિ, તત્વચિંતક અને ગદ્યલેખક તરીકે - એમ ત્રિવિધ દૃષ્ટિએ 'સાગર'નો સળંગ તલસ્પર્શી અભ્યાસ કરી, તુલનાત્મક અધ્યયન દ્વારા ત્રણેય ક્ષેત્રોમાં સાગરનું મૌલિક પ્રદાન રજૂ કરવાનો આ મહાનિબંધમાં મેં પ્રથમ વાર પ્રયત્ન કર્યો છે.

'સાગર'ની કવિતા અને તત્વચિંતનને સમજવામાં સાગરના ઐહિક જીવનની રૂપરેખાનો અભ્યાસ પશ્ચાદ્ભૂમિકા તરીકે આવશ્યક લાગવાથી સૌપ્રથમ તેમની પ્રસિધ્ધ તેમજ અપ્રસિધ્ધ કૃતિઓ - કાવ્યો, ડાયરી તેમજ પત્રોના અભ્યાસ દ્વારા સાગરના ઐહિકજીવનની રૂપરેખા માટે માહિતી પ્રાપ્ત કરી તેમજ તેમના અનેક શિષ્યો અને સંબંધીઓની પ્રત્યક્ષ મુલાકાત દ્વારા પણ સાગરના ઐહિક જીવનની પ્રમાણભૂત રૂપરેખા આ મહાનિબંધમાં પ્રથમ વાર રજૂ કરી છે.

એમના અપ્રસિધ્ધ પત્રો, ડાયરી, કાવ્યો, નકશાઓ, સૂત્રો તેમજ કાચાં ટાંચણોને આધારે એમના જીવનના મહત્વના પ્રસંગોનું શકય અર્થઘટન તેમજ મૂલ્યાંકન પ્રથમ વાર રજૂ કર્યું છે. એમના સાહિત્યિક તેમજ આધ્યાત્મિક જીવનનાં પ્રેરકબળો તેમજ સાહિત્યકાર મિત્રો સાથેના એમના સંબંધનું રેખાચિત્ર પણ પ્રથમ વાર ઉપસાવ્યું છે.

'સાગર'ના જીવનવિષે ની 'સાગર જીવન અને કવન"માં રજૂ કરેલી સામગ્રી તપાસી, નવેસરથી મૂલ્યાંકન કર્યું છે. આ વિષય પરત્વે નીચેના મુદ્દાઓ અંગે મારું સંશોધન મૌલિક છે એવું મારું નમ્રતાપૂર્વક નિવેદન છે.

<u>વિભાગ-૧ જીવનરેખા</u>

૧. પ્રસિધ્ધ તેમજ અપ્રસિધ્ધ સામગ્રીને આધારે 'સાગર'ની પ્રમાણભૂત જીવનરેખા પ્રથમ વાર રજૂ કરી છે.

૨. આ વિભાગમાં પ્રથમ ત્રણ પ્રકરણો દ્વારા 'સાગર'નું વ્યકિતત્વ - માનસદશા-આત્મસાધના માટેનાં પ્રેરકબળો, સમાજસુધારણા તેમજ સાહિત્યિક અને આધ્યાત્મિક જીવનની પ્રવૃત્તિઓ પરત્વે નવેસર મૂલ્યાંકન તેમજ અર્થઘટન કર્યું છે.

૩. ચોથા પ્રકરણમાં સાગરની આત્મસાધનાની દશા તેમજ આત્મસાક્ષાત્કાર પછીના જીવનનું ચિત્ર રજૂ કર્યું છે.

૪. પાંચમા પ્રકરણમાં એમનો સાહિત્યકાર મિત્રો સાથેનો સંબંધ, સાહિત્યિક તેમજ આધ્યાત્મિક જીવનનાં પ્રેરક બળો, તેમજ એમના ઉભય જીવનને ઘડનારા બળોનો અભ્યાસ મૌલિક દૃષ્ટિકોણ સમેત રજૂ કર્યો છે.

૫. ત્રણ પરિશિષ્ટોમાં એમની અપ્રસિધ્ધ સામગ્રીને આધારે એમના જીવનના કેટલાક નિયમો તેમજ એમણે અભ્યાસ કરેલા પુસ્તકોની સૂચિ પ્રથમવાર પ્રકાશમાં આણ્યાં છે. જે એમના વ્યકિતત્વ તેમજ માનસ-ઘડતરને સમજવામાં ઉપકારક છે એવો મારો નમ્ર મત છે.

## વિભાગ- ૨ કવિતા

૧. પ્રારંભકાળની કવિતા પ્રકરણમાં સાગરની પ્રારંભદશાની પ્રસિધ્ધ - અપ્રસિધ્ધ કવિતાનું ભાવપક્ષ તેમજ કલાપક્ષ ઉભયદૃષ્ટિએ પ્રથમ વાર મૂલ્યાંકન કર્યું છે.

૨. હૃદયમંથન અને આત્માનુભવ પ્રકરણોમાં સાગરની સમગ્ર કવિતામાંથી નિષ્પન્ન થતું સાગરનું વ્યકિતત્વ તેમજ વિચાર-દેહનું સળંગ રેખાચિત્ર તેમજ આત્મસાધનાના સંદર્ભમાં પ્રથમ વાર રજૂ કર્યું છે.

૩. સાગરની કવિતા: મૂલ્યાંકન પ્રકરણમાં દીવાનેસાગર દફતર ૧ અને ૨ ની કવિતાનું કાવ્ય પ્રકારની દૃષ્ટિએ વર્ગીકરણ કર્યું છે, અને અંજનીગીતો, છંદોબધ્ધ કાવ્યો, ગીતો, ગરબો-ગરબી, પદો- ભજનો પ્રભાતિયાં અને ગઝલો તેમજ ઇતર કાવ્ય પ્રકારોમાં સાગરનું મૌલિક પ્રદાન પ્રથમ વાર તપાસ્યું છે. વિશેષતઃ ગઝલો, ગરબી અને પદોભજનોના કલાદેહ પરત્વે કવિ સાગરની લાક્ષણિકતા અને મર્યાદા દર્શાવી તુલનાત્મક અધ્યયન દ્વારા તેનું પ્રથમ વાર મૂલ્યાંકન કર્યું છે.

૪. સાગરની ગઝલોનું છંદની દૃષ્ટિએ સૌપ્રથમ વર્ગીકરણ કર્યું છે. હઝજ, રજઝ, કામિલ, મુઝારેઅ, રમલ, તવીલ, વાફિર અને મુતદારિક છંદોમાં સાગરે પોતાની ગઝલોની રચના કરી છે જેમાંના કેટલાક છંદોના નવા ઉપભેદોની રચના સાગરનું ગઝલોના છંદોવિધાન પરત્વે મૌલિક પ્રદાન છે તે પ્રથમવાર દર્શાવ્યું છે.

૫. ગઝલોની પ્રાસયોજના અને રચનાબંધના આયોજન પરત્વે સાગરનું મૌલિક પ્રદાન રજૂ કર્યું છે.

૬. ગરબીના રચનાબંધના આયોજન પરત્વે સાગરનું મૌલિક પ્રદાન દર્શાવ્યું છે.

૭. થાકેલું હૃદય ખંડકાવ્યનું મૂલ્યાંકન પ્રથમ વાર રજૂ કર્યું છે.

૮. સાગરના લગભગ ૬૦ અપ્રસિધ્ધકાવ્યો શ્રમપૂર્વક પ્રાપ્ત કર્યાં છે, અને પરિશિષ્ટ દ્વારા સૌપ્રથમ પ્રકાશમાં આણ્યાં છે.

૯. સાગરના અપ્રસિધ્ધ કાવ્યોનું પ્રથમવાર મૂલ્યાંકન કર્યું છે.

૧૦. સાગરની કવિતાના બાહ્ય તેમજ આંતરિક સ્વરૂપના ઘડતરમાં કબીર, નરસિંહ, મીરાં, અખો, દયારામ, બાલ, મણિલાલ અને કલાપી તેમજ ન્હાનાલાલની થયેલી અસર તુલનાત્મક અધ્યયન દ્વારા રજૂ કરી છે.

## વિભાગ-૩ તત્વચિંતન

૧. સાગરનું તત્વચિંતન સમજવા માટે પશ્ચાદ્ભૂમિકા રૂપે અજાતવાદ અને કેવલાદ્વૈતની વિચારધારાઓનો અભ્યાસ આવશ્યક લાગવાથી અજાતવાદ અને કેવલાદ્વૈતના મૂળભૂત સિધ્ધાંતો તેમજ સામ્ય વૈષમ્ય અંગે મારો અભ્યાસ અજાતવાઅનુભવની સૈધ્ધાંતિક સમાલોચના પ્રકરણ દ્વારા રજુ કર્યો છે. શ્રી. ગૌડપાદાચાર્યના અજાતવાદના સિધ્ધાંતો સમજાવવા માટે શ્રી. ગૌડપાદાચાર્યની ગૌડપાદકારિકા ઉપરાંત દત્તાત્રયની

અવધૂતગીતા, યોગવાસિષ્ઠ-નિર્વાણ પ્રકરણ, અનાથદાસજીની વિચારમાલા પંચદશી તેમજ અષ્ટાવક્રગીતાને પણ આધારભૂત ગ્રન્થો ગણ્યાં છે.

૨. આ પ્રમાણે સૂફી વિચારધારા નામક પ્રકરણમાં જલાલુદ્દીન રૂમી, મહુમદ શબિસ્તરના સૂફીવાદના મૂળભૂત ગ્રન્થો મસ્નવી અને ગુલશને રાઝને આધારે સૂફીવાદના મૂળભૂતસિધ્ધાંતો અંગેનો મારો અભ્યાસ રજૂ કર્યો છે. આ ઉપરાંત મનસૂર, કાલાબધી, રાબિયા તેમજ બીજા કેટલાક ખ્યાતનામ સૂફી વિચારકોના મંતવ્યો પણ રજૂ કર્યાં છે.

૩. બ્રહ્મસ્વરૂપ- જીવ સ્વરૂપ - જગતસ્વરૂપ અને સાધનામાર્ગ એમ ચતુર્વિધ વર્ગીકરણ દ્વારા સાગરનું તાત્ત્વિકદર્શન પ્રકરણમાં સાગરની આધ્યાત્મિક વિચારણા, તેમની પ્રસિધ્ધ અપ્રસિધ્ધ વાણીમાંથી અવતરણો આપી પ્રથમ વાર રજૂ કરી છે.

૪. ગુજરાતની તત્ત્વચિંતનની પરંપરામાં સાગરનું મૌલિક પ્રદાન પ્રથમ વાર તપાસ્યું છે અને તત્ત્વચિંતક તરીકે સાગરનું મૌલિક પ્રદાન રજૂ કરતા અપ્રસિધ્ધ નકશાઓ તેમજ તેને સમજવા માટેની માર્ગદર્શક ટીકા તેમજ અપ્રસિધ્ધ સૂત્રો પરિશિષ્ટ દ્વારા પ્રકાશમાં આણ્યાં છે.

૫. સાગરની સમાજસુધારણા, કેળવણી અને લગ્ન - એમ વિભિન્ન વિષયો પરત્વેની સાગરની નૈતિક વિચારણા પરત્વેનો સાગરનો મૌલિક દૃષ્ટિકોણ પ્રથમ વાર રજૂ કર્યો છે.

<u>વિભાગ- ૪ ગદ્યલેખન</u>

૧. "સાગરની પત્રરેખા"ના સર્વાંગી મૂલ્યાંકન દ્વારા અર્વાચીન ચિન્તનાત્મક ગદ્યસાહિત્યમાં સાગરનું મૌલિક પ્રદાન તેમજ ગદ્યશૈલીની વિભિન્નછટાઓ દર્શાવ્યાં છે.

૨. 'કલાપીનો કેકારવ','કલાપીની પત્રધારા', તેમજ 'સંતોની વાણી','ગુજરાતી ગઝલીસ્તાન' અને 'અપ્રાકૃત કાવ્યો ભાગ-૨' સાગરના આ સંપાદનોના મૂલ્યાંકન દ્વારા સંપાદન અને સંશોધનના ક્ષેત્રમાં સાગરનું મૌલિક પ્રદાન રજૂ કર્યું છે.

૩. 'કલાપી અને તેની કવિતા' - વિવેચન લેખ તેમજ એમના સંપાદનોના, ઉપોદઘાત કે પ્રસ્તાવનામાંથી નિષ્પન્ન થતું વિવેચક તરીકેનું સાગરનું વ્યક્તિત્વ મૂલવવાનો પ્રયત્ન કર્યો છે.

૪. 'જ્ઞાનસુધા' અને 'મોઢબ્રાહ્મણ' માસિકના તંત્રી તરીકે સાગરનું પ્રદાન પ્રથમ વાર રજૂ કર્યું છે.

૫. સાગરની પ્રસિધ્ધ પુસ્તિકાઓ, ચાર સંવાદો તેમજ કેટલાક અપ્રલેખોનો અભ્યાસ તેમજ તેનું મૂલ્યાંકન કર્યું છે.

૬. પરિશિષ્ટમાં 'અજબ જોગી' અપ્રસિધ્ધ નવલકથાનું પ્રકરણ તેમજ અપ્રાજીનું તત્ત્વજ્ઞાન નામક અપ્રસિધ્ધ લેખ પ્રકાશમાં આણ્યાં છે.

.......